# આવું તે કેમ ચાલે ? | હરિકૃષ્ણ પાઠક

[**'ગુજરાતી લેખિકાસૂચિ'** : સં. દીપ્તિ શાહ, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૦૯ પૃ. ૮+૧૩૬, રૂ. ૯૦]

ગુજરાતી સાહિત્ય પરિષદે વીસમી સદીની ગુજરાતી લેખિકાઓની સૂચિ પ્રગટ કરી છે. સંકલન કર્યું છે શ્રી દીપ્તિ શાહે. આ કામગીરી માટે જે સંદર્ભ- સામગ્રી ખપમાં લેવાઈ છે અને જે મહાનુભાવો સહાયક થયા છે તેનો ઉલ્લેખ પ્રકાશનમંત્રી શ્રી ભારતી ર. દવેની પ્રકાશકીય નોંધમાં થયો છે, જે ઊંચી અપેક્ષા જગવે એવો છે. વળી આ પ્રકાશન માટે આર્થિક સહયોગ આપનાર શ્રી વિનોદિનીબહેન નીલકંઠના પરિવારનો આભાર પણ આ નોંધમાં માનવામાં આવ્યો છે.

સંકલન કરનાર શ્રી દીપ્તિ શાહે વળી બીજી સંપાદકીય નોંધ કરી છે જેમાં તેઓ નોંધે છે :

'એ કામ માટે ક. લા. સ્વાધ્યાય મંદિરના નિયામકશ્રી રમેશભાઈ દવે દ્વારા મારું નામ સૂચવાયું અને મને કામ સોંપાયું, ત્યારે મેં મૂંઝવણ, ક્ષોભ અને સંકોચ અનુભવ્યાં હતાં. વળી રમેશભાઈ સાથે કામ કરવાનું હતું એટલે મનમાં ફફડાટ પણ હતો. કામ બરાબર ન થયું હોય તો એ વઢવામાં વાર ન લગાડે, આમ છતાં, મારા દરેક પ્રશ્નના ઉકેલ અને નિરાકરણ મને તેમની પાસેથી મળ્યાં છે. રમેશભાઈ સાથે પૂર્વે ક્યારેય કામ કરવાનું બન્યું નથી એ ભૂમિકાએ એમને મેં એકલવ્ય બનીને દ્રોણ તરીકે જ જોયા છે.'

આ નિવેદન જોતાં, પ્રથમ વાર આવું કામ હાથ ધરનાર 'એકલવ્ય'ના શરસંધાનમાં ચૂક થઈ જાય તો તે ક્ષમ્ય ગણાય, પરંતુ ખરો પ્રશ્ન છે સંકલન માટે નામ સૂચવનાર ગુરુ 'દ્રોણ'ની પ્રતિષ્ઠાનો.

સૂચિકરણના જાણકારો તો આમાં ઘણી ક્ષતિઓ દર્શાવી શકે તેમ છે, પરંતુ મારે તો અહીં જે બે મોટા છબરડા થયા છે તેના પૂરતું જ ધ્યાન દોરવું છે. આપણા સુપ્રતિષ્ઠિત શાયર રુસ્વા સાહેબ – રુસ્વા મઝલૂમી અહીં 'મઝલૂમી રુસ્વા' એવા નામે 'લેખિકા' તરીકે સ્થાન પામ્યા છે. તેમના પુસ્તક તરીકે 'નવલિકા' 'ઢળતા મિનારા' (૧૯૭૮) દર્શાવેલ છે. કવિ તરીકે ઉલ્લેખ નથી. હકીકતમાં 'ગુજરાતી સાહિત્યકોશ' ખંડ-૨ના પાન ૫૨૩ પર 'રુસ્વા મઝલૂમી'નો ઉલ્લેખ છે જેના આધારે પાન ૩૯૦ પર 'બાબી ઈમામુદ્દીનખાન મૂર્તઝાખાન'ની ભાળ મળે છે ને ત્યાં 'ઢળતા મિનારા' (૧૯૭૮)નો પ્રસંગચિત્રોના આલેખ તરીકે પણ ઉલ્લેખ છે.

આવું જ થયું છે જાણીતા પત્રકાર નીરુ દેસાઈ અંગે. નીરુભાઈ દેસાઈનો સમાવેશ લેખિકા તરીકે પાન ૩૨ પર 'દેસાઈ નીરુ' તરીકે થયો છે. તેમના નામે બે પુસ્તકો નવલિકાનાં દર્શાવ્યાં છે, તેમાંનું એક 'ચરણરજ' (૧૯૪૦)નો ઉલ્લેખ ઉક્ત સાહિત્યકોશના ખંડ-૨માં પાન ૨૫૩ પર છે, જેમાં 'દેસાઈ નિરુભાઈ ભાઈલાલ' નિ. દે, નિ., માનવેન્દ્ર વગેરે ઉપનામો સાથે મળે છે. લેખિકાસૂચિમાં તો ઘણે ઠેકાણે લેખિકાના જન્મવર્ષ કે પુસ્તકના પ્રકાશનવર્ષના પણ ઉલ્લેખ નથી. સાહિત્યકોશમાં વાર્તાસંગ્રહ 'ચરણરજ' (૧૯૩૩) નિરુભાઈ દેસાઈને લગતા અધિકરણમાં પણ છે જ. પ્રકાશનવર્ષમાં ફેર છે, પરંતુ નિરુભાઈ 'દેસાઈ નીરુ' નામે લેખિકાસૂચિમાં દાખલ થઈ ગયા છે તે સ્પષ્ટ છે.

વધારે આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે ઉક્ત સાહિત્યકોશના નિર્માણમાં મુખ્ય સંપાદક શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા સાથે સંપાદકો તરીકે સહયોગ આપનાર બે સંપાદકો પૈકી એક ખુદ શ્રી રમેશ ર. દવે હતા. પરિષદ જેવી સંસ્થાને પ્રકાશનો માટે દાન તો મળી રહે, પરંતુ તે તેની એક પ્રતિષ્ઠાને કારણે અને ચોક્કસ અપેક્ષા સાથે. આવી કામગીરી પાર પાડતી વખતે માત્ર પ્રકાશન કરી નાખ્યું તેટલાથી સંતોષ ન લઈ શકાય. સંકલનકારનું નામ સૂચવનારે પછીથી આમાં કશી નૈતિક જવાબદારી નિભાવી હશે કે કેમ તેવો પ્રશ્ન થવો જોઈએ.